# ના મત, ના અવાજ

## મતદાર નોંધણી અને મતદાર ID

ચૂંટણી અધિનિયમ (Elections Act) (2022) એ અમારી મત આપવાની રીત બદલી નાખી છે. જો તમે લંડનના રહેવાસી હો, તો તમારે હવે રૂબરૂ મત આપવા માટે ફોટો IDનું સ્વીકૃત ફોર્મ બતાવવાની જરૂર છે.

## કેવી રીતે મત આપવો

### મત આપવાની ત્રણ જુદી-જુદી રીતો છે:

**વ્યક્તિગત રીતે:** તમને તમારા સરનામે એક મતદાન કાર્ડ મોકલવામાં આવશે, જે તમને જણાવશે કે તમારું સ્થાનિક મતદાન મથક ક્યાં છે. તમારે મતદાન મથક પર મત આપવા માટે ફોટો IDનું એક મૂળ સ્વીકૃત ફોર્મ લાવવાની જરૂર પડશે.

**પોસ્ટ દ્વારા:** જો તમે રૂબરૂ મતદાન કરી શકતા નથી, તો તમે પોસ્ટલ વોટ માટે અરજી કરી શકો છો. તમારે પોસ્ટ દ્વારા મત આપવા માટે ફોટો ઈડી આપવાની જરૂર રહેશે નહીં. તમારી સહી અને જન્મતારીખની ચકાસણી સહિત અન્ય ઓળખ ચકાસણીઓ છે.

પ્રોક્સી દ્વારા: જો તમે રૂબરૂ મત આપી શકતા નથી, દા.ત. સ્વાસ્થ્યના કારણોસર, તમે તમારા વતી મત આપવા માટે કોઈને નોમિનેટ કરી શકો છો. આવું કરવા માટે તમારે એક ફોર્મ ભરવું પડશે અને તેને તમારી સ્થાનિક ચૂંટણી નોંધણી કચેરીને મોકલવું પડશે. તમારા પ્રોક્સીએ તમારા વતી મત આપવા માટે તેમનું પોતાનું ફોટો ID લાવવાનું રહેશે.

GLA ડેમોક્રસી હબની મુલાકાત લો
https://registertovote.london/પર

GREATER LONDON AUTHORITY

#NO VOTE NO VOICE

SOUK SHOUT OUT UK

Supported by the Greater London Authority, City Hall, Kamal Chunchie Way, London, E16 1ZE. Printed and promoted by Shout Out UK, 240 Portobello Road, London, W11 1LL.